ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ અંક : ૫૧ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૧૯-૧૨-૨૦૧૩, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

ઋષિ ઉદ્યાન, અજમેર ખાતે યોજાયેલી શિબિરમાં

## ગાંધીનગરના સાત કાર્યકરો "વૈદિક ધ્યાન પ્રશિક્ષક" બન્યા

અજમેર

ઋષિ ઉદ્યાન, અજમેર ખાતે 'ધ્યાન પ્રશિક્ષણ શિબિર'નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગાંધીનગરમાંથી ૧૦ જેટલા કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પરોપકારિણી સભા અજમેર દ્વારા અનેક વિદ્વાનોની ચર્ચા-વિચારણા બાદ સમગ્ર આર્યજગતમાં એક જ ધ્યાન પદ્ધતિ અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેના પરિપાકરૂપે ૧૫ મિનિટની સર્વમાન્ય 'વૈદિક ધ્યાન પદ્ધતિ' અમલમાં આવી હતી. આ ધ્યાન પદ્ધતિ વિશેષરુપે નવા જીજ્ઞાસુ સાધકો તથા બાળકો માટે છે. જૂના સાધકો તથા આર્યસમાજી બંધુઓ પણ આ ધ્યાન પ્રક્રિયા લંબાવી વિશેષ લાભ ઉઠાવી શકે છે. 'વૈદિક ધ્યાન પદ્ધતિ' પૂર્ણતઃ યોગદર્શન મુજબ, વેદ આધારિત તથા મહર્ષિ દયાનંદના મંતવ્યને પોષક છે.



ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા આ સાત ધ્યાન પ્રશિક્ષકોનો શું આપણે લાભ લઈશું ? આ જ પ્રકારની એક બીજી ધ્યાન પ્રશિક્ષણ શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૩મી એપ્રિલના રોજ આ શિબિર યોજાશે. પરોપકારિણી સભા, અજમેર દ્વારા આ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ માટેના રજીસ્ટ્રેશનની તારીખ હજી નક્કી કરાઈ નથી. જ્યારે નક્કી થશે ત્યારે તેની જાણ અગ્નિપથના માધ્યમથી આર્યસજ્જનોને કરવામાં આવશે.




## જાહેર આમંત્રણ

### સંકલિત અભિનંદન સમારોહ



**એક અભૂતપૂર્વ કાર્ય**

વાનપ્રસ્થી દયાલમુનિ આર્ય,
(પ્રો. દયાલજી પરમાર)
ભૂ.પૂ. અધ્યક્ષ,
કાયચિકીત્સા વિભાગ,
જામનગર આયુર્વેદિક
વિશ્વવિદ્યાલય



ગુજરાતની આર્યજનતાને માટે એ પ્રસન્નતા અને ગૌરવની બાબત છે કે ગુજરાતના અને પૂરા વિશ્વના આર્યસમાજના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટના ઘટી છે. આ ઘટના છ સ્વામી દયાનંદ સંમત મન્ત્રાર્થવાળા ચારેય વેદોના ગુજરાતી ભાષામાં થયેલા અનુવાદની. ગુજરાતી ભાષામાં આ કાર્ય પ્રથમ વખત જ થયું છે. વળી જે આકાર અને પ્રકારમાં આ વેદો પ્રકાશન પામ્યા છે, તે આકાર અને પ્રકારની દ્રષ્ટિએ પણ આર્યજગતના ઈતિહાસમાં ગુજરાતી ભાષામાં પ્રકાશિત આ વેદો અપૂર્વ છે. કેમ કે આવું સુંદર આકર્ષક પ્રકાશન આટલા સસ્તા મૂલ્યમાં ક્યાંય ઉપલબ્ધ નથી.

વેદોના ગુજરાતી ભાષાંતરનું આ ભગીરથ કાર્ય વાનપ્રસ્થી શ્રી દયાલમુનીએ પરમ પુરૂષાર્થથી લગભગ ૬ વર્ષ સુધીના અવિરત પરિશ્રમથી સંપન્ન કરી આપ્યું છે. તેમણે રાત-દિવસ વણથાક્યે આ વેદાનુવાદનું કાર્ય કર્યું છે. તેઓ પોતે અત્યારે ૭૯ વર્ષના છે. વૃદ્ધાવસ્થાને કારણે શરીર અને હાથનો સાથ અલ્પ હોવા છતાં અને અન્ય શારીરિક સમસ્યાઓના કાકણે સૂક્ષ્મ યાતનાઓ હોવા છતાં, તે સર્વને સહન કરતાં રહીને પણ તેમણે વેદોના ગુજરાતી અનુવાદરૂપી મહાયજ્ઞને પૂર્ણ કર્યો છે.

માનનીય દયાલમુનિજીએ પ્રારંભ કરેલા આ વેદોના ગુજરાતી ભાષાના અનુવાદ યજ્ઞના આયોજક તરીકે આપની પ્રિય અને દેશ તથા દુનિયામાં જાણીતી બનેલી વાનપ્રસ્થ સાધક આશ્રમ સંસ્થા રહી છે. ચારેય વેદોના પ્રકાશનનો મહાન કાર્યભાર વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા ઉપાડી લેવામાં આવ્યો છે. આમાંના યજુર્વેદ, સામવેદ, તથા ઋગ્વેદના ત્રણ ભાગોનું પ્રકાશન આશ્રમ દ્વારા થઈ ચૂક્યું છે. ઋગ્વેદનો ચોથો ભાગ અને અથર્વવેદના બે ભાગોનું પ્રકાશનનું કાર્ય પ્રગતિ ઉપર છે.

ગુજરાતી ભાષામાં ચારેય વેદોને પ્રકાશિત કરવાનું કાર્ય ત્યારે જ સંભવિત બન્યું છે, જ્યારે આ ભગીરથ કાર્યને કરનારા ઋષિભકત વાનપ્રસ્થી શ્રી દયાલમુનિજી સંસ્થાને પ્રાપ્ત થયા છે. આ વેદસેવકનું સન્માન કરવાનું વાનપ્રસ્થ સાધક આશ્રમ-રોજડ, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રતિનિધિ સભા, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ નક્કી કર્યું છે.

-આચાર્ય જ્ઞાનેશ્વરજી

**કાર્યક્રમની તારીખ : ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૩**

**કાર્યક્રમનું સ્થળ**

**વાનપ્રસ્થ સાધક આશ્રમ આર્યવન , રોજડ, ગુજરાત**

## સંત ઓધવરામ ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા વૈદિક ધર્મના પ્રચારનું અવિરત કાર્ય

સંત ઓધવરામ ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર ખૂબ જ સુંદર રીતે થઈ રહ્યો છે. સ્વામી શાંતાનંદજીએ તાજેતરમાં જ પોતાની પ્રચાર યાત્રા દરમ્યાન અબડાસા તાલુકાના કનકપુર ગામની મુલાકાત લીધી હતી. આ એક એવું ગામ છે જ્યાં મોટા ભાગના ઘરોમાં ગાયને પાળવામાં આવે છે. ભેંસ પાળનાર લોકો અહીં ખૂબ જ ઓછા છે. અને જેમની પાસે ભેંસ છે તેઓ પણ તેને વેચીને ગાય ખરીદવાની તૈયારી કરી રહ્યા છે કારણ કે અહીંના ખેડૂતોને ગાયના દુધનું મહત્વ અને ભેંસના દુધની નિમ્નતા ખબર છે.

આખા ગામમાં ખેતી માટે ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આધુનિક સમયના કૃષિયુગમાં જયાં રાસાયણિક ખાતરોનો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યાં આ ગામમાં શુદ્ધ છાણથી લોકો ખેતી કરે છે. અહિંના ખેડૂતો ખૂબ જ મહેનતુ અને સાહસીક છે. ગામના રસ્તા સિમેન્ટથી બનાવવામાં આવ્યા છે. આ ગામને સ્વચ્છતા માટે ૨૦૦૬માં રાષ્ટ્રપતિના હસ્તે નિર્મળ ગામનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. અને અહીંના સરપંચની ચૂંટણી



થતી જ નથી. સર્વસંમતિથી સરપંચને ચૂંટવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર તરફથી આ ગામને શ્રેષ્ઠ પંચાયતના રૂપમાં ૩૦ લાખ જેટલી રકમ પુરસ્કાર રૂપે પ્રાપ્ત થઈ છે.

શ્રી વેલજીભાઈ પટેલના નિવાસ્થાને સ્વામી શાંતાનંદજીના સત્સંગનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં તેમના પરિવારના સભ્યો ઉપરાંત આજુ-બાજુમાં રહેતા પરિવારોએ આ સત્સંગનો લાભ લીધો હતો.

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સ્વામીજીએ ઉપસ્થિત લોકોને સાત સંકલ્પ લેવડાવ્યા હતા. તેમણે (૧) દરરોજ સવાર-સાંજ ઈશ્વરનું ધ્યાન કરવું (૨) દરરોજ હવન-યજ્ઞ કરવો, (૩) માતા-પિતાની શ્રદ્ધા પૂર્વક સેવા કરવી, ક્યારેય તેમનું અપમાન ન કરવું, તેમને વસ્ત્ર, ચિકિત્સા પૂરી પાડવી, (૪) ગાય, કુતરા બિલાડી વગેરે પ્રાણીઓને ભોજન કરાવવું, (૫) ઘરે આવેલા વિદ્વાનોનું સ્વાગત કરવું, (૬) દરરોજ વૈદિક સાહિત્યનો સ્વાધ્યાય કરવો, (૭) ક્યારેય માંસ-માંછલી-ઈંડા-શરાબનું સેવન ન કરવું અને સમસ્ત પાપોથી બચવું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સાત કર્મો કરનારને આગલો જન્મ મનુષ્યનો જ પ્રાપ્ત થશે અને આ એનું લાયસન્સ છે. માટે મનુષ્યએ ઉત્તમ કર્મો કરવા જોઈએ. સ્વામીજીએ ઉપસ્થિત લોકોને ઈશ્વરનું ધ્યાન કેવી રીતે કરવું તે પણ શીખવાડયું હતું.

## સકલ ઉત્તમ સામગ્રીથી પરમાત્માની ભક્તિ કરો : આચાર્ય સત્યજીતજી

તાજેતરમાં સમગ્ર ગુજરાતની આર્યસમાજોની ગતિવિધી-પ્રગતી આદિને જાણવા તથા ગુજરાતના દર્શનીય સ્થળો જોવા વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડમાં ૧ વર્ષનો ન્યાયદર્શન પઠન કરવાનાં સંકલ્પને સાકાર બનાવી રહેલા લગભગ ૨૮ જેટલા બ્રહ્મચારીઓ આર્યસમાજ, ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા.

અક્ષરધામના વોટર લેઝર શો જોઈ ભોજન ગ્રહણ કરી રાત્રીકાળે થોડા સમય માટે સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદ્વાનોના સત્કાર સમારંભ બાદ સુંદર ભજનનો લાભ એક બ્રહ્મચારીએ આપ્યો હતો. ત્યાર બાદ આચાર્ય સોમદેવજીએ લગભગ ૧૫ મિનિટ સુધી પોતાનું વકતવ્ય આપ્યું હતું. અન્ય બ્રહ્મચારી દ્વારા પુનઃ એક ભજનનો લાભ મળ્યો હતો.

સમયના અભાવે સંક્ષિપ્ર પ્રવચન રજુ કરતાં આચાર્ય સત્યજીતજીએ કહ્યું હતું કે, આજે મત-સંપ્રદાયોમાં પોતાના અંગત સ્વાર્થ તથા નિકૃષ્ટ પ્રયોજન સિદ્ધ કરવા અર્થે ઉપનિષદ અને આધ્યાત્મિક સિદ્ધાંતોનો સહારો લેવામાં આવે છે. વોટર લેઝર શો દ્વારા લોકોને આધુનિક ટેકનોલોજીથી આકર્ષી લોકોની ભાવનાનું છૂપી રીતે (અપ્રત્યક્ષ) શોધણ કરનાર આવા સંપ્રદાયોથી ચેતી જવું જોઈએ. ભક્તોની ભીડ જમા કરવા આવા ગુરુભક્તો સત્ય સાથે ચેડા કરે છે, પાખંડ વધારે છે.

આજે પણ પ્રત્યેક ગૃહમાં નચિકેતા છે જ. જે સત્ય અને અસત્યાચરણ થતું રોકવા પિતાને (વડિલોને) પ્રશ્ન પૂછે છે. પરંતુ વડિલો તેના પ્રશ્નનો સાચો કે સંતોષકારક જવાબ આપી શકતા નથી. પિતા પણ બાળકો પાસેથી શીખ લઈ શકે છે. અને સત્યની રક્ષા કરી શકે છે. જીજ્ઞાસાનું સમાધાન કરી શકે છે. સાચી દાનશીલતાનો બોધ તેઓ બાળકો પાસેથી લઈ શકે છે. અંતમાં આચાર્યજીએ સમાધાન કરતાં જણાવ્યું હતું કે, આપણે પોતાની સકલ ઉત્તમ સામગ્રીથી પરમાત્માની ભક્તિ માટે ઉપસ્થિત થઈએ. અધિક પૂણ્ય કમાવવું હશે તો ઉત્તમ સામગ્રી દ્વારા દાન કરવું જોઈએ. જેથી ઉત્તમ કર્માશય બંધાઈ ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય.

પ્રવચન પૂર્વે અમદાવાદથી પધારેલા શ્રી પૂનમચંદજી આગરે આચાર્યજીનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સક્રિય કર્મઠ કાર્યકર સંકલ્પધારી વાનપ્રસ્થી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ કર્યું હતું.

ગાંધીનગરની મુલાકાત બાદ પ્રતિનિધિ મંડળ ધાંગધ્રા તરફ આગળ વધ્યું હતું.



**ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...**

www.santodhavramvedicgurukul.com

## गृहस्थ जीवन को सुखी कैसे बनाए ?

: વક્તા :

**સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક**
**નિદેશક, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ, સાબરકાંઠા**



**કાર્યક્રમની રૂપરેખા**

કાર્યક્રમની તારીખ : ૦૫/૦૧/૨૦૧૪

૯:૦૦ થી ૧૦:૩૦ પ્રથમ સત્ર ૧૦:૩૦ થી ૧૧:૦૦ જલપાન
૧૧:૦૦ થી ૧૨:૩૦ બીજુ સત્ર ૧૨:૩૦ થી ૧:૩૦ ભોજન

**પ્રવેશ શુલ્ક : રૂ. ૧૦૦.૦૦**

: પ્રવેશ માટે સંપર્ક :
શશીકાંતભાઈ આર્ય મો. : ૮૮૬૬૦૮૧૦૯૬
સંજયભાઈ આર્ય મો. : ૯૪૨૬૩૮૧૩૦૨

| આયોજક | વ્યવસ્થાપક |
|---|---|
| આર્યસમાજ, અમદાવાદ | વૈદિક સંસ્થાન, ઓઢવ |

: કાર્યક્રમનું સ્થળ :

ટાઉન હોલ, એલિસબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

એકકાલં ચરેદ્ ભૈક્ષં ન પ્રસજ્જેત વિસ્તારે ।
ભૈક્ષે પ્રસક્તો હિ યતિર્વિષયેષ્વપિ સજ્જતિ ॥

मनुस्मृति ५५(३४)

**સન્યાસી એક જ સમય ભિક્ષા માંગે, ભિક્ષાનો અધિક વિસ્તાર અર્થાત લાલચમાં ન પડે કારણ કે ભિક્ષાની લાલચમાં કે સ્વાદમાં મન લગાવનાર સંન્યાસી વિષયોમાં ફસાઈ જાય છે.**

**તંત્રી સ્થાનેથી....**

## શિક્ષણ ક્ષેત્રે વિકાસની નવી ક્ષિતિજો આંબી રહેલું ગુજરાત...

ગુજરાતે સતત ૧૨ વર્ષની જ્ઞાનના ઉજાસથી સમાજને પ્રકાશિત કરવાના ધ્યેય સાથે શિક્ષણ સુધારણાના આ જનઆંદોલન દ્વારા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જે સર્વાંગી વિકાસ સાધ્યો છે તે સમગ્ર દેશ માટે રાહ ચીંધનારો બન્યો છે. આઝાદી બાદ પચ્ચાસ વર્ષ સુધી ઉપેક્ષિત રહેલા પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિક ઉત્કર્ષ માટે દાયકા પહેલાં શાળા પ્રવેશોત્સવ દ્વારા સો ટકા નામાંકનના ધ્યેયને સિદ્ધ કરવા એક જન આંદોલન ઉપડાવામાં આવ્યું હતું. જેના પરિણામે આજે ગુજરાતમાં પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૭ના ડ્રોપ આઉટ રેટમાં નોંધપાત્ર ઘટાડો થઈ શક્યો છે.

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા છેલ્લા દાયકાથી જે જનઆંદોલન શરૂ થયું છે તેના શ્રેષ્ઠ પરિણામો પણ મળ્યાં છે. છેલ્લા એક દાયકામાં રાજ્યની તમામ શાળામાં વિજળીકરણ થઈ ગયું છે. તમામ સરકારી શાળાઓના વીજળીના બીલોની સો ટકા રકમ રાજ્ય સરકાર ચૂકવે છે. રાજ્યની શાળાઓમાં એક લાખથી વધુ વર્ગખંડો અને ૭૧ હજારથી વધુ સ્વચ્છતા સંકુલોનું બાંધકામ કરવામાં આવ્યું છે. રાજ્યની ૨૦૫૦૦ જેટલી શાળાઓને કોમ્પ્યુટર લેબની સુવિધા મળી છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આવી શ્રેષ્ઠ માળખાગત સુવિધા ઉપરાંત શિક્ષકોની ઘટને પહોંચી વળવા રાજ્યમાં ૧ લાખ ૩૩ હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી છે. જેના કારણે શિક્ષણની ગુણવત્તામાં સુધારો તો થયો છે સાથે સાથે ડ્રોપ આઉટ રેટમાં પણ ઘટાડો થયો છે. રાજ્ય સરકાર ઝીરો ડ્રોપ આઉટ રેટના લક્ષ્યાંક સાથે શિક્ષણ સુધારણા માટે ભગીરથ પુરુષાર્થ કરી રહી છે.

ગુજરાતનો વિદ્યાર્થી વૈશ્વિક ટેકનોલોજીને સુસંગત કુશળતા પ્રાપ્ત કરી શકે તે માટે રાજ્ય સરકારે શિક્ષણમાં ગુણાત્મક સુધારાઓ પણ અમલી બનાવ્યા છે. ગુજરાત સરકારે રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે બેઠકોની સંખ્યામાં વૃદ્ધિની સાથે સાથે વિદ્યાર્થીઓનો ગુણાત્મક વિકાસ થાય તે માટે પણ નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા છે. સરકાર દ્વારા ગુજરાતમાં 'જ્ઞાનયજ્ઞ'ની જ્યોત જગાવવામાં આવી છે જે પ્રસંશાને પાત્ર છે.

# શુદ્ધ જ્ઞાનયજ્ઞ દ્વારા મનુષ્ય પરમાત્માને પ્રાપ્ત કરી લે છે

**વેદવાણી**

**- વેણુગોપાલ દર્શનાચાર્ય**

**ओ३म् इषे त्वोर्ज्जे त्वा वायव स्थ देवो वः सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मणऽआप्यायध्वमघ्न्याऽइन्द्राय भागं प्रजावतीरनमीवाऽअयक्ष्मा मा वस्तेनऽईशत माघशꣳसो ध्रुवाऽअस्मिन् गोपतौ स्यात बह्वीर्यजमानस्य पशून्पाहि ॥**

(यजु.१.१)

આ યજુર્વેદનો પ્રારંભિક મંત્ર છે. આ મંત્રના 'પરમેષ્ઠી પ્રજાપતિઃ' ઋષિ છે, 'સવિતા' દેવતા છે. મંત્રગત વિષયનું જેણે દર્શન કર્યું હોય તેને ઋષિ કહેવાય. મંત્રમાં બતાવેલ વિષયને જ દેવતા કહેવાય. મંત્રાર્થને સમજવા માટે ઋષિ તથા દેવતાનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. આથી વેદમાં મંત્ર પૂર્વે જ ઋષિ-દેવતાનું કથન કરવામાં આવે છે.

'ऋषयो मन्त्रद्रष्टारः'(निरु.) આ નિષ્પત્તિથી મંત્રદૃષ્ટાનું અર્થાત્ મંત્રાર્થને જાણનારનું નામ ઋષિ છે. અહીં ઋષિ છે પરમેષ્ઠી પ્રજાપતિ. પોતાની અંતરાત્મં = આત્માનો પણ આત્મા, તે જ પરમેષ્ઠી છે. તે પરમેષ્ઠી પણ છે, પ્રજાપતિ પણ છે. પ્રજાના પતિને 'પ્રજાપતિ' કહેવાય છે. 'जनि प्रादुर्भावे' ધાતુથી પ્રજા શબ્દ બને છે. 'पा रक्षणे' ધાતુથી પતિ શબ્દ બને છે. (प्र+जनि+ड+टाप्, पा+इति=प्रजापति). બધાને ઉત્પન્ન કરી અંતરાત્મા બની બધાનું પાલન-પોષણ કરનારને પ્રજાપતિ કહેવાય છે. પ્રજાપતિ શબ્દનો મુખ્ય અર્થ ઈશ્વર છે. જયાં મુખ્ય અર્થ ઘટે નહિ ત્યાં અન્ય અર્થ પણ થાય છે. 'प्रधानशब्द-अनुपपत्तेः गुणशब्देन अनुवादः' આ ન્યાયના આધારે, જયાં મુખ્ય અર્થ ઉપપન્ન-પ્રાપ્ત નથી ત્યાં ગૌણ અર્થ દ્વારા જ અર્થ કરવો જોઈએ.પરંતુ જ્યાં મુખ્ય અર્થ પ્રાપ્ત છે ત્યાં મુખ્ય અર્થ જ લેવો જોઈએ. અહીં આધ્યાત્મિક જગતમાં પ્રજાપતિ ઈશ્વર છે. 'सविता' મંત્રના દેવતા છે. 'षड् प्राणिप्रसवे' શબ્દથી 'सवितृ' શબ્દ બની તેમાં'सु' પ્રત્યય લાગવાથી 'सविता' શબ્દ નિષ્પન્ન થાય છે. સમસ્ત જગતની ઉત્પત્તિ કરનાર અર્થાત્ પરમેશ્વરનું જગદુત્પત્તિ કર્મ અહીં મંત્રગત વિષય છે. સૃષ્ટિ દ્વારા સૃષ્ટિકર્તાને જાણી શકાય છે. સૃષ્ટિ કાર્ય છે, સૃષ્ટિકર્તા કારણ(નિમિત્ત) છે. કાર્યથી કારણની જાણકારી પ્રાપ્ત થાય છે.

સૃષ્ટિ આંશિકરુપમાં પ્રત્યક્ષ છે. સૃષ્ટિકર્તા પરોક્ષ છે. સૃષ્ટિ દ્વારા સૃષ્ટિકર્તાનું જ્ઞાન અનુમાન પ્રમાણથી પ્રાપ્ત થાય છે. સૃષ્ટિનું રહસ્ય જયાં સુધી જ્ઞાત થાય છે ત્યાં સુધી સૃષ્ટિકર્તાનું સ્વરુપજ્ઞાન પણ સૂક્ષ્મથી સૂક્ષ્મતર, સૂક્ષ્મતરથી સૂક્ષ્મતમ બની જાય છે. આ દૃષ્ટિએ પારદર્શી ઋષિઓએ વેદવાણીના આધાર પર યજ્ઞ-યાગનો વિસ્તાર કર્યો. સાથોસાથ તેઓએ ઘોષણા કરી કે 'यज्ञो वै श्रेष्ठतमं कर्म' શ્રેષ્ઠતમ કર્મનું નામ યજ્ઞ છે. કર્મને શ્રેષ્ઠતમ બનાવવું જ યજ્ઞનું આત્યન્તિક ફળ છે. શુદ્ધ કર્મનું કારણ શુદ્ધ જ્ઞાન છે. જ્ઞાન શુદ્ધ થવાથી કર્મ શુદ્ધ થાય છે, કર્મ શુદ્ધ થવાથી ઉપાસના શુદ્ધ થાય છે. ઉપાસનાનો અર્થ નજીક પહોંચવું છે. શુદ્ધજ્ઞાનથી, શુદ્ધકર્મથી=નિષ્કામ કર્મથી ઈશ્વરમાં અવસ્થિતિ થાય છે. આ અવસ્થિતિનું નામ શુદ્ધ ઉપાસના છે.

યજુર્વેદ કર્મકાંડ પ્રધાન છે. યજુર્વેદના મંત્રોનો બહુધા પ્રયોગ કર્મકાંડમાં થાય છે.(આનો અર્થ એ નથી કે અન્ય વેદમંત્રોનો પ્રયોગ યજ્ઞમાં નથી થતો) અગ્નિહોત્રથી લઈ અશ્વમેઘ સુધી કર્મકાંડપ્રક્રિયા સૃષ્ટિયજ્ઞને સમજવા માટે આવિષ્કૃત કરવામાં આવેલ રુપક (નાટક) છે. અર્થાત્ કર્મકાંડમાં પ્રતિપાદિત અગ્નિવિદ્યા પરમાત્માની જગદ્રચનાની અનુકૃતિ=નકલ છે. આ દ્વારા વ્યક્તિને નીચે મુજબ લાભ પ્રાપ્ત થાય છે.

૧. સૃષ્ટિ સંબંધી સૂક્ષ્મ જ્ઞાન મળે છે. ૨. દ્રવ્યોને અગ્નિમાં હોમવાથી જળ,વાયુની શુદ્ધિ થાય છે. ૩. ત્યાગભાવના વધે છે. ૪. સંપત્તિનો લાભ, કીર્તિ આદિ પ્રાપ્ત થાય છે. ૫. વ્યક્તિના સામાજીક સંબંધો સુદૃઢ થાય છે. ૬. વ્યાવહારિક કુશળતા વધે છે. ૭. વેદજ્ઞાનની સુરક્ષા થાય છે. ૮. અંતે વૈરાગ્યની ભાવના જાગે છે.

જ્ઞાન-વૈરાગ્ય જ સંસારમાં સૌથી શ્રેષ્ઠ સંપત્તિ છે. બાકી બધી સાધનસામગ્રી, જ્ઞાન-વૈરાગ્યના સંપાદનમાં સાધન બને છે. જ્ઞાન-વૈરાગ્યરુપી સાધન સામે અન્ય સાધનોની કોઈ કિમત નથી. વ્યક્તિને જ્ઞાન તથા વૈરાગ્ય અપાવવો જ યજ્ઞ-યાગનો ઉદ્દેશ્ય છે.

અધ્યાત્મજગતમાં પ્રજાપતિ પરમાત્મા છે.તે સૃષ્ટિને બનાવે છે, બનેલ સૃષ્ટિની રક્ષા કરે છે. તેથી પરમાત્મા પરમેષ્ઠી પ્રજાપતિ કહેવાય છે. આધિભૌતિક જગતમાં જયેષ્ઠાશ્રમી ગૃહસ્થી જ પ્રજાપતિ છે. તે બનાવે છે અર્થાત્ કમાય છે, બનેલ પદાર્થોની રક્ષા કરે છે. આથી સૃષ્ટિયજ્ઞનું નાટકરુપ દ્રવ્ય-પાકાદિ યજ્ઞો કરવાનો અધિકાર ગૃહસ્થને જ છે. ગૃહસ્થનો આ અધિકાર જ્ઞાન-વૈરાગ્ય પ્રાપ્તિ સુધી જ છે. વૈરાગ્ય સંપાદન થયા પછી દ્રવ્યાદિયજ્ઞ તેના જીવનમાં રહેતો નથી. તો શું તે યજ્ઞથી રહિત થઈ અકર્મી=વિના કર્મવાળો બને છે? ના, તે અકર્મી બનતો નથી, પરંતુ શુદ્ધજ્ઞાનમય યજ્ઞ તેના જીવનપર્યન્ત ચાલતો રહે છે. આ શુદ્ધજ્ઞાનયજ્ઞ દ્વારા તે પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. યજુર્વેદનો અંતિમ અધ્યાય ઉપનિષદ્ બનવાનું કારણ આ જ છે. અપવિત્ર મનુષ્ય કર્માનુષ્ઠાન દ્વારા વિવેક-વૈરાગ્યને પ્રાપ્ત કરી નિષ્કામકર્મી બની જવું અને નિષ્કામકર્મ દ્વારા મુક્ત થઈ જવું. જેનું કર્મ નિષ્કામ=(લૌકિક લાભની ઈચ્છા વિના કેવળ પરમાત્મપ્રીતિ અર્થે કમી કરવાનું છે)બની ગયું છે તે વ્યક્તિ પ્રજાપતિના સ્તરથી ઉપર ઉઠી પરમેષ્ઠી પ્રજાપતિ બની જાય છે.પ્રજાપતિથી પરમેષ્ઠી પ્રજાપતિની આ વિશેષતા છે.

**જ્ઞાન-વૈરાગ્ય જ સંસારમાં સૌથી શ્રેષ્ઠ સંપત્તિ છે. બાકી બધી સાધનસામગ્રી, જ્ઞાન-વૈરાગ્યના સંપાદનમાં સાધન બને છે. જ્ઞાન-વૈરાગ્યરૂપી સાધન સામે અન્ય સાધનોની કોઈ કિંમત નથી.**

વેદમંત્રાર્થ :-

હે મનુષ્યો! જે(सविता) સર્વ જગતની ઉત્પત્તિ કરનારો, સંપૂર્ણ ઐશ્વર્યયુક્ત(देवः) સર્વ સુખો આપનારો અને સર્વ વિદ્યાને પ્રસિદ્ધ કરવાવાળો પરમાત્મા છે તે(वः) તમે(हम) અને તમારા મિત્રોની જે(वायवः) બધી ક્રિયાઓને સિદ્ધ કરવાવાળી, સ્પર્શવાળી, પ્રાણ અંતઃકરણ તથા ઈન્દ્રિઓ(स्थ) છે તેને(श्रेष्ठतमायकर्मणे) કરવાયોગ્ય અત્યુત્તમ સર્વોપકારક યજ્ઞાદિ કર્મોને માટે (प्रार्पयतु) સારી રીતે સંયુક્ત કરે. આપણે બધા(इषे) અન્નાદિ ઉત્તમ-ઉત્તમ પદાર્થો અને વિજ્ઞાનની ઈચ્છા અને (उर्जे) પરાક્રમ અર્થાત્ ઉત્તમ રસની પ્રાપ્તિ માટે (भागम्) સેવા કરવાયોગ્ય ધન અને જ્ઞાનથી ભરેલ (त्वा) ઉકત ગુણવાળા અને (त्वा) શ્રષ્ઠ પરાક્રમ આદિ ગુણો આપનારો આપ સર્વનું સર્વપ્રકારે આશ્રય કરે છે. હે મિત્રો! તમે પણ આમ બની (आप्यायध्वम्) ઉન્નતિ પ્રાપ્ત કરો તથા આપણે બધા પણ પ્રાપ્ત કરીએ. હે ભગવન જગદીશ્વર! આપણે બધાને(इन्द्राय) પરમૈશ્વર્યની પ્રાપ્તિ માટે(प्रजावतीः) જેના ઘણા સંતાન છે તથા જે (अनमीवाः)વ્યાધિ અને (अयक्ष्मा) જેમાં રાજયક્ષ્મા આદિ રોગ નથી તેએં(अघ्न्याः) જે જે ગૌ આદિ પશુ અર્થાત્ જે ઉન્નતિ કરવાયોગ્ય છે, જે કદી હિંસા કરવાયોગ્ય નથી. જે ઈન્દ્રિઓ કે પૃથ્વી આદિ લોક છે તેને સદાય(प्रार्पयतु) નિયત કરો. હે જગદીશ્વર! આપની કૃપાથી અમારા બધામાંથી દુઃખ દેવા માટે કોઈ (अघशंसः) પાપી કે (स्तेनः) ચોર-ડાકુ(मा ईशत ) ઉત્પન્ન ન થાય તથા આપ આ (यजमानस्य) પરમેશ્વર તથા સર્વોપકાર ધર્મનું સેવન કરનાર મનુષ્યોના (पशून्) ગાય,ઘોડા, હાથી આદિ તથા લક્ષ્મી તેમજ પ્રજાની(पाहि) નિરંતર રક્ષા કરો જેથી આ પદાર્થોનું હરણ કરવા પૂર્વોક્ત કોઈ દુષ્ટ મનુષ્ય સમર્થ ન બને. (अस्मिन्) આ ધાર્મિક (गोपतौ) પૃથિવી આદિ પદાર્થોની રક્ષા ઈચ્છનાર સજ્જન મનુષ્યની નજીક (बह्वीः) ઘણા બધા ઉક્ત પદાર્થ (ध्रुवाः) નિશ્ચય સુખના હેતુ(स्यात) બને. (આ અર્થ મહર્ષિ દયાનંદ સરસ્વતીકૃત યજુર્વેદ ભાષ્યમાંથી સાભાર)

# અમુલ્ય જડીબુટ્ટી - હળદર

પ્રાચીન કાળથી જ ભોજનમાં અને ઘરગથ્થુ ઉપચાર તરીકે હળદરનો ઉપયોગ થતો રહ્યો છે. હળદર એક મહત્ત્વની ઔષધી છે. પરંતુ લોકો ઔષધી તરીકેનો તેનો પૂરેપૂરો ઉપયોગ જાણતાં જ નથી.

હળદર બે પ્રકારની હોય છે. એક સખત લોખંડી હળદર જેનો ઉપયોગ રંગ બનાવવામાં થાય છે અને બીજી પોચી સુગંધી દાર હળદર જે મસાલા તરીકે વપરાય છે. તે ઉપરાંત જંગલમાં ઉગતી જંગલી હળદરને આંબા હળદર કહે છે. જેનો ઉપયોગ લોહી વિકાર તેમજ ખંજવાળ મટાડનારી ઔષધી તરીકે થાય છે. હળદરને રેતાળ અને બેસર જમીન માફક આવે છે. ગુજરાતમાં હળદરનો પાક ખેડા અને સુરત જિલ્લામાં વધારે થાય છે. અગાઉ વીસનગરી હળદર ખુબ જ વખણાતી. પરંતુ હાલે વિસનગર આસપાસ હળદરનો પાક થતો નથી.

વાત, પિત્ત અને કફ એ ત્રણેય દોષોની વિકૃતી પર હળદર વપરાય છે. હળદરમાં લોહીને શુદ્ધ કરવાનો વિશેષ ગુણ છે. લોહી શુદ્ધ થવાથી શરીરનો વાન પણ સુધરે છે. લગ્ન વખતે પીઠી ચોળવાના રિવાજ પાછળ પણ એ જ કારણ છે. તે ઉપરાંત હળદરમાં વધુ પડતાં કફ અને આમને બાળી નાંખવાનો ગુણ હોવાથી ઉધરસના રોગીને ગરમ દુધમાં હળદર નાંખીને પીવડાવામાં આવે છે. શરીરમાં પેદા થતી વિવિધ વિકૃતિઓનું મારણ પણ હળદરથી જ થાય છે. જેથી અનેક રોગોમાં હળદર ઘરગથ્થુ રામબાણ ઔષધી છે. હળદર પ્રમેહનો નાશ કરતી હોઈ કેટલાક આચાર્યોએ તેને 'મેહદની' નામ આપેલ છે.

હળદરમાં દોષોને સુકવવાનો ગુણ છે. શરીરના કોઈપણ ભાગમાં વિકૃત અથવા આમ વિષ એકઠું થયું હોય તો તેને દૂર કરે છે, બાળી નાંખે છે. હળદરમાં વાતશામક ગુણ હોઈ ઠંડી લાગીને થતાં વાતનાડીના દાહ પર તે ખવડાવવામાં આવે છે અને તેના લેપની શરીર પર બાહ્ય માલીશ પણ કરાય છે. હળદરમાં જંતુનાશક, દુર્ગંધહર, વિષહર અને લોહીને પ્રસરવવાનો ગુણ હોવાથી રકત વિકાર, કંકુ, ત્વચા રોગ, ગડ ગુંમડ, સડેલા વ્રણ વગેરે ઉપર તેનો લેપ બનાવી ઉપયોગ થાય છે. મુઢ માર ઉપર હળદરનો ઉપયોગ જાણીતો છે.

હળદરનું ચૂર્ણ અને જવખાર સરખા ભાગે લઈ ગરમ પાણી સાથે પીવાથી ખરાબ પાણીના કારણે થતા રોગો સામેની પ્રતિકારક શક્તિ વધે છે. ગરમ કરેલા દુધમાં હળદર મેળવી પીવાથી ઠંડી લાગીને આવતો તાવ,ગમે તેવી ઉધરસ અને ગળાનું ઈન્ફેક્શન મટે છે. સાથે સાથે કફ અને સસણી પણ મટે છે. હળદરને મધમાં મેળવી કાકડા ઉપર લગાડવાથી ગમે તેવા વધેલા કાકડા પણ બેસી જાય છે. એટલું જ નહીં આંમળાના રસમાં કે પછી ઉકાળામાં હળદર નાંખીને પીવાથી પેશાબ માર્ગે જતું પરુ બંધ થાય છે. આમ હળદર એ ઈન્ફેક્શન ઉપર એક અમોઘ એન્ટીબાયોટીક ઔષધ તરીકે પ્રમાણિત થયેલ છે. ગૌમુત્રમાં હળદરનું ચૂર્ણ તથા ગોળ મેળવીને દીર્ઘકાળ સુધી પીવાથી હાથીપગાનો રોગ પણ મટે છે. કુંવાર પાટુના ગર્ભને હળદર સાથે મેળવીને ખાવાથી મસાનો રોગમાં ફાયદો કરે છે.

ઠંડા પાણીમાં હળદરનો ગાંઠિયો ઘસી તેમાં માખણ મેળવી બનાવેલા મિશ્રણને દિવસમાં બે થી ત્રણ વાર બાળકના બન્ને ખભા પર, ગળા નીચે, પીઠના હાડકા ઉપર તેમજ બન્ને કાન આગળના ગલોફા ચોળવાથી બાળકોને ગળુ પડવાનો રોગ મટે છે.

આમ, હળદરના ખાદ્ય પદાર્થ અને તે ઉપરાંત ઘરગથ્થુ ઔષધી તરીકેના અનેક રામબાણ ઈલાજો છે. હળદર એ ગરમ પદાર્થ હોવાથી તેનો વધુ પડતો ઉપયોગ હાનિકારક બને છે.

**ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફ્સ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.**

**: કાર્યાલય :**

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail : agnipathgnr@gmail.com

# ઉપદેશ કથા

## સાધુ અને જમીનદાર

કંચનપુર નજીક એક જંગલમાં એક ધૂર્ત વેશધારી સાધુ રહેતો હતો. કંચનપુરનો જાગીરદાર રામપ્રતાપ તેની ખૂબ સેવા કરતો હતો. વેશધારી સાધુ ઉપર તેનો અતૂટ વિશ્વાસ હતો. જમીનદાર પાસે ખૂબ ધન હતું. તેને રાતદિવસ ચિંતા રહેતી કે કોઈ ચોર કે ડાકુ આવી લૂંટીને તેનું ધન ન લઈ જાય. એક દિવસ તેના મનમાં વિચાર આવ્યો કે જો તે પોતાનું બધુ ધન સાધુના આશ્રમમાં સંતાડી દે તો કેવું ? ચોર-ડાકુઓને સ્વપ્નમાં પણ કોઈ ખ્યાલ નહી આવે. બીજા જ દિવસે તે પોતાનું બધુ ધન લઈ ઝૂંપડીમાં ગયો અને સાધુને કહ્યું - 'મહાત્મન ! જો આપની આજ્ઞા હોય તો હું મારું બધુ ધન આપના આશ્રમમાં સંતાડી દઉ?'

ધનનો ઢગલો જોઈ ઢોંગી સાધુના મોંમા પાણી આવ્યું. તેણે વિચાર્યુ આટલા ધનથી તો મારું આખું જીવન સુખેથી વીતી જશે. તેણે જમીનદારને કહ્યું - 'અમારા જેવા સાધુઓને ધન જોડે કોઈ મતલબ નથી. એ તો અમારે માટે ધૂળ સમાન છે. કારણ કે અમે તો વિરક્ત સાધુ છીએ. તમે આશ્રમમાં ગમે ત્યાં ધન છૂપાવી શકો છો.'

'આપની પાસેથી મને આ જ આશા હતી' તેમ કહી જમીનદારે એક વૃક્ષ નીચે પોતાનું બધુ ધન દાટી દીધું અને સાધુની વિદાય લઈ પોતાના ઘરે આવી ગયો. થોડાક દિવસમાં ઢોંગી સાધુએ બધુ ધન કાઢી લીધું અને મનમાં ને મનમાં વિચારવા લાગ્યો 'કાલે જઈ જમીનદારની વિદાય લઈ હું આગળ પ્રયાણ કરીશ.' બીજા દિવસે જમીનદારના ઘરે પહોંચી તેણે કહ્યું - 'મેં અહીંથી આગળ જવાનો નિશ્ચય કર્યો છે.' આ સાંભળી જમીનદાર અવાક્ થઈ બોલ્યો - 'શું મહાત્મન મારી સેવામાં કોઈ ત્રૂટિ રહી ગઈ' 'ના, બેટા તારી સેવાથી ખૂબ પ્રસન્ન છું. પરંતુ સન્યાસીઓએ કોઈપણ જગ્યાએ વધારે દિવસ રોકાવું ન જોઈએ. આ જ અમારો ધર્મ છે. માટે મારે જવું જ પડશે.' વેશધારી ધૂર્ત સાધુએ કહ્યું.

'એમ જ વાત છે તો હું કઈ રીતે આપને રોકી શકું.' પછી તે થોડેક દૂર સાધૂની સાથે જઈ ભક્તિપૂર્ણ વિદાય આપી. જમીનદારના ગયા પછી વેશધારી સાધુએ વિચાર્યુ કે ધન ત્યાં ન દેખાવાથી જમીનદારને તેના પર શક જશે અને કદાચ ભવિષ્યમાં પાછો તે મળશે તો ? આમ વિચારી તેણે એક ઘાસનું તણખલું લીધું અને પોતાના વાળમાં ખોંસી દીધું. પછી તે ફરી જમીનદારના ઘર તરફ જવા લાગ્યો. જમીનદાર તે સમયે કોઈ વેપારી સાથે વાતચીત કરી રહ્યો હતો.

'આપનું સ્વાગત છે મહારાજ. પાછા આવવાનું કારણ શું ? વિનમ્રતાપૂર્વક જમીનદારે પૂછ્યું' તારા ઘરની બહાર બનેલ ઝૂંપડીમાંથી એક તણખલું મારી જટામાં પડી ગયું હતું, તે પાછું આપવા આવ્યો છું - સાધુએ ધૂર્તતાપૂર્વક કહ્યું.

જમીનદાર પાસે ઉભેલ એક વેપારી ઘણો હોંશિયાર હતો. તેણે મનમાં જ વિચાર્યુ -'તણખલું પાછું આપવા આવવાનું તો બહાનું લાગે છે. જરુર કંઈક ગરબડ છે.' આ બાજુ જમીનદાર તો વેશધારી સાધુના વ્યવહારથી તો ભાવવિભોર હતો. કેટલા મહાન મહાત્મા છે જે એક ઘાસના તણખલાને પણ પાછું આપવા આવ્યાં છે. તેણે નમન કરી વેશધારી સાધુને કર્યુ - 'મહારાજ, તણખલું ફેંકી આપ સકુશળ યાત્રા તરફ પ્રયાણ કરો.'

સાધુ ત્યાંથી ચાલ્યો ગયો. સાધુના જતાં જ વેપારીએ જમીનદારને પૂછ્યું - 'સાધુ પાસે તે કોઈ અનામત તો રાખી નથી ને ?' 'ના. પરંતુ હા, તેમના આશ્રમ પાસે આવેલ ઝુંપડી પાસે મારું બધુ ધન તેમના રક્ષણ તળે દાટેલ છે.' જમીનદારે જવાબ વાળતા કહ્યું. 'એમ, તો ત્યાં જઈને તુરંત જોવું જોઈએ કે ધન સુરક્ષિત છે કે કેમ ?' - વેપારીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કહ્યું. જમીનદાર ત્યાં ગયો અને તુરંત દોડતો પાછો આવ્યો અને બોલ્યો - 'ત્યાં તો ધન છે જ નહિ. તમારો શક સાચો જ લાગે છે કે....'

'ચલો, જલ્દી ચલો... હજુ તે બહુ દૂર નહીં ગયો હોય. દોડો... જલ્દી તેને પકડી લઈએ' - વેપારી બોલ્યો. સાધુ હજુ બહુ દૂર પહોંચ્યો નહીં હોય ત્યાં જ બંનેએ આવીને તેને પકડી લીધો અને જમીનદાર બોલ્યો - 'અરે ઢોંગી બની તું ક્યાં ભાગી રહ્યો હતો ?'

'અરે...રે ? હું તો સન્યાસી છું....' તે વાત પૂરી કરી તે પહેલાં જ જમીનદારે કહ્યું - 'હવે જો તું તુરંત નહી કહે કે મારું ધન ક્યાં છૂપાવ્યું છે તો હું તને સંસારમાંથી જ સન્યાસ લેવડાવી દઈશ.'

વેશધારી સાધુ માટે જમીનદાર સાક્ષાત મૃત્યુરુપ બન્યો. તુરંત જ સાધુએ એક વૃક્ષ તળે છૂપાવેલ ધન કાઢી આપી દીધું અને પોતાને છોડી મૂકવા આજીજી કરવા લાગ્યો.

**(શિક્ષા : કોઈપણ વ્યક્તિની વેશભૂષા જોઈ તેના ગુણ-અવગુણ નક્કી કરવા ન જોઈએ.)**

-મહેન્દ્ર ગાંધી

# આર્યસમાજ ભૂતપ્રેતની કલ્પિત વાતોને અનુચિત માને છે, અને આશા રાખે છે કે માતા-પિતા પોતાનાં બાળકોને આવા ભીરુ સંસ્કારોથી અવશ્ય બચાવે

## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય (૧૭) અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

### જન્મપત્રિકા

"જરા વિચાર તો કરો કે સંપૂર્ણ મહાભારતમાં જન્મપત્રિકાનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આથી સિદ્ધ થાય છે કે ફલિત જ્યોતિષનું મૂળ આર્ય-વિદ્યામાં ક્યાંય નથી એ સ્પષ્ટ છે." આ વાત મહર્ષિ દયાનંદે પૂનામાં એક પ્રવચન દરમ્યાન કહી હતી. તેમણે સત્યાર્થપ્રકાશમાં પણ બે જગ્યાએ જન્મપત્રિકા-સંબંધી વિચારો વ્યક્ત કર્યા છે.

બીજા સમુલ્લાસમાં બાળકોનું ઘડતર શી રીતે કરવું જોઈએ એ વિષે લખતાં તેમણે જન્મપત્રિકાઓ ઘોર વિરોધ કર્યો છે. જન્મપત્રિકા બનાવી પાખંડી જ્યોતિષીઓ બાળકનાં માબાપ વગેરેને કેવી રીતે આતંકિત-આશંકિત કરે છે, તેનું ઉદાહરણ આપતાં ઋષિ દયાનંદ કહે છે કે, આનું ના જન્મપત્ર નહિ પણ 'શોકપત્ર' રાખવું જોઈએ.

અગિયારમા સમુલ્લાસમા ઋષિ લખે છે : "ઘણા જ્યોતિષીઓ પોતાનાં પુત્ર-પુત્રીનો વિવાહ ગ્રહોની ગણિતવિદ્યાને અનુસરીને કરે છે. તથાપિ એમાં વિઘ્ન આવે છે, અથવા પુત્રી વિધવા થાય છે, પુરુષ પણ વિધુર થઈ જાય છે. જો ફળ સાચું હોય તો આવું કેમ થાય છે ? માટે કર્મની ગતિ સાચી છે. ગ્રહોની ગતિ સુખ-દુ:ખભોગમાં કારણભૂત નથી."

### મોક્ષમાંથી પુનરાવૃત્તિ

જે લોકો મોક્ષમાં માને છે તેમની દૃષ્ટિએ મોક્ષને જીવનની સર્વોચ્ચ ઉપલબ્ધિ માનવામાં આવે છે. જીવ મુક્તિની અવસ્થામાં શી રીતે વિચરે છે એ વિષે લોકોમાં થોડોઘણો વિચારભેદ હશે, પરંતુ મોક્ષ એ પરમાનંદની પ્રાપ્તિ છે એ વાતમાં બધા સહમત છે. આર્યસમાજ પણ મુક્તિ અથવા મોક્ષને સર્વોચ્ચ મહત્ત્વ આપે છે. જીવ ધર્મ, અર્થ, કામ અને અંતે મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે. આ અંગે મહર્ષિ દયાનંદે એક ખૂબ જ યુક્તિયુક્ત સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે કે, મુક્તિ અનંત સમય માટે હોતી નથી, બલ્કે એ પણ સાન્ત હોય છે. મોક્ષની અવધિ પૂરી થાય એટલે જીવને ફરી પોતાના સંસારરૂપી કાર્યક્ષેત્રમાં આવવું પડે છે. મહર્ષિ દયાનંદના મંતવ્ય મુજબ મુક્તિની અવધિ છત્રીસ હજાર વખત સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય થાય એટલી છે અર્થાત્ જીવ પરાંતકાલ (=૩૧,૧૦,૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો) સુધી સતત મુક્તિનો આનંદ ભોગવે છે. તેમણે મુક્તિ વિષે નીચેના તર્ક પ્રસ્તુત કર્યા છે -

- કોઈ પણ અંતવાળા કર્મનું ફળ કદી અનંત હોઈ શકતું નથી.
- જીવ અનાદિ પદાર્થ છે, માટે મોક્ષમાં જઈને તે સાન્ત થઈ શકતો નથી, એટલે કે મોક્ષમાં પણ તેનું અસ્તિત્વ બની રહે છે, અને મોક્ષ પછી પણ.
- ગમે તેટલો ખજાનો ભરપૂર હોય, પરંતુ જો તેમાં વ્યય જ થાય અને આવક બિલકુલ ન હોય તો તેનું અવશ્ય દેવાળું નીકળી જાય છે. માટે જો સૃષ્ટિના જીવો મુક્તિમાંથી ક્યારેય પાછા ફરતાં ન હોય તો એક દિવસે સંસારનો બિલકુલ ઉચ્છેદ થઈ જાય, એટલે કે સૃષ્ટિ જીવવિહીન થઈ જાય.
- જીવ થોડાક સુખ માટે પણ અથક પરિશ્રમ કરે છે, તો છત્રીસ હજાર વખત સૃષ્ટિનો પ્રલય અને રચના થાય એટલા અત્યંત દીર્ઘ સમય સુધી ઈશ્વરના સાંનિધ્યમાં રહેવું એ શું કોઈ સાધારણ ઉપલબ્ધિ છે ?
- મુક્તિની આ અત્યંત દીર્ઘ અવધિને જ 'અનંત કાળ' કહેવામાં આવ્યો છે. બાકી હકીકતમાં મુક્તિ હંમેશાં સાન્ત અર્થાત્ અંતવાળી જ હોય છે.
- જીવની અનંત સમય માટે મુક્તિ થઈ જાય છે એમ જો માનવામાં આવે તો તેની સ્વતંત્રતા તો સમાપ્ત થઈ જ જાય છે, પરંતુ સાથે સાથે તેનું અસ્તિત્વ પણ હેતુવિહીન થઈ જાય છે. માટે મોક્ષની અવધિ હંમેશાં અત્યંત દીર્ઘ પરંતુ નિશ્ચિત સમય પૂરતી જ હોય છે.

### ભૂતપ્રેત

પ્રત્યેક મૃત પ્રાણી 'ભૂત' કહેવાય છે. જે પહેલાં હતું પણ આજે નથી એની સંજ્ઞા 'ભૂત' છે. વ્યવહારમાં પણ જે આજ સુધી મંત્રીના હોદ્દા પર હતો, પણ આજે નથી તેને ભૂતપૂર્વ મંત્રી કહેવામાં આવે છે. મરણોપરાંત પ્રાપ્ત થતી આ 'ભૂત' સંજ્ઞા કોઈ યોનિવિશેષ નથી. ભૂતોના નામે જે વિવિધ પ્રકારની વાતો સાંભળવામાં આવે છે, તેનાં રહસ્યોની પાછળ કેટલાંક કારણો જવાબદાર હોય છે. જેવાં કે -

- ભૂતના નામે સંબંધિત વ્યક્તિઓને ડરાવીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો.
- માનસિક બીમારીઓથી ગ્રસ્ત રોગીઓનાં લક્ષણોને ભૂતપ્રેતની અસરો બતાવવી.
- ભૂત વિષેનું સાહિત્ય પ્રકાશિત અને પ્રચલત કરીને તેના દ્વારા અનેક જાતની વાર્તાઓ ઘડતાં રહેવું.
- માનસિક દૃષ્ટિએ નબળી તેમ જ અંધવિશ્વાસમાં ડૂબેલી વ્યક્તિઓને આવાં સ્વપ્નો અને વિચારો ભ્રમિત કરતાં રહે છે.

બીજો જન્મ ધારણ કરનાર પ્રત્યેક પ્રાણી 'પ્રેત' છે. ન્યાયદર્શનના ભાષ્યકાર વાત્સ્યાયને કહ્યું છે કે, મરીને પુનર્જન્મ ધારણ કરવાનું નામ 'પ્રત્યભાવ' છે. (જુઓ : ન્યાયદર્શન, ૧-૧૯)

આર્યસમાજ ભૂતપ્રેતની કલ્પિત વાતોને અનુચિત માને છે, અને બધાં જ માબાપો પાસે આશા રાખે છે કે, તેઓ પોતાનાં બાળકોને આવા ભીરુ સંસ્કારોથી અવશ્ય બચાવે. આજકાલ સમાચારપત્રોમાં ભૂતપ્રેત વિષેનું જે કંઈ કાલ્પનિક છપાય છે તેનાથી પણ જનતાએ ભ્રમિત થવું જોઈએ નહીં.

> આપણાં મહાન દેશના પતન, પરાજય અને દાસતાના મૂળમાં આ શુભ-અશુભની ઘોર અનર્થકારી માન્યતાનો પણ ખૂબ મોટો હાથ રહ્યો છે. વિજ્ઞાન અને બુદ્ધીવાદના યુગનો તકાજો છે કે હવે આપણે આવી અંધમાન્યતાઓમાંથી મુક્ત થઈએ.

### શુભ-અશુભ

ઈશ્વર દ્વારા રચિત આ સૃષ્ટિ શુભ છે. એ પરમપિતા પ્રભુએ અશુભ માનીને કોઈ રચના કરી નથી. વર્ષના બાર મહિના, મહિનાની તિથિઓ, અઠવાડિયાનાં સાત વાર - બધું જ ઈશ્વરની વ્યવસ્થા અંતર્ગત હોવાથી શુભ જ છે. પરંતુ આપણી વિચિત્ર બુદ્ધિએ આ સમયવિભાગોને પણ શુભ-અશુભમાં વહેંચી નાખ્યા છે.

અમુક મહિનો અશુભ છે, અમુક વાર અશુભ છે - આવી આવી વાતોને લોકોમાં સાચી મનાવવાના ઉદ્દેશ્યથી અનેક વાર્તાઓ અને ઘટનાઓ કલ્પિત કરવામાં આવે છે. જુદા જુદા વિસ્તારોમાં, જુદા જુદા દેશોમાં આવા અશુભ મનાતા દિવસોની સૂચિઓ પણ જુદી જુદી હોય છે. અમુક જગ્યાએ બુધવારને અશુભ માનવામાં આવે છે, તો બીજી જગ્યાએ તેને શ્રેષ્ઠ માનવામાં આવે છે. આવી માન્યતાઓ કેવળ હિંદુઓમાં જ છે એવું નથી, પરંતુ મુસલામાનો અને ખ્રિસ્તીઓમાં પણ આવી શુભ-અશુભની માન્યતા જોવા મળે છે. ઘણીવાર આપણને એમ થાય કે પૃથ્વી પરના આ કહેવાતા ધાર્મિક સમુદાયોના ભગવાનોના દરબારમાં પણ શુભ-અશુભની અલગ-અલગ સૂચિઓ અને વિધાનો હશે !

આશ્ચર્ય તો એ વાતનું છે કે આપણા બુદ્ધિજીવી વર્ગમાં પણ આ શુભ-અશુભની માન્યતા એક માનસિક કમજોરી બની બેઠી છે. તેરની સંખ્યાને પણ ખૂબ જ અશુભ માનવામાં આવે છે. મોટી મોટી હોટલોમાં પણ તેર નંબરની રૂમ નહિ રાખી તેને બદલે બાર-એ એવો નંબર આપવામાં આવે છે.

આર્યસમાજ આવા શુભ-અશુભના અંધવિશ્વાસને માનતો નથી. કોના માટે ક્યો દિવસ શુભ કે અશુભ રહ્યો એ તો એ દિવસ પસાર થઈ જાય પછી જ અનુભવી શકાય છે. જેમ કે, એક પરિવારમાં જે દિવસે પુત્રનો જન્મ થાય છે એ દિવસ તેના માટે શુભ ગણાય છે, અને એ જ દિવસે જો બીજા કોઈ પરિવારમાં કોઈનું મૃત્યુ થાય છે, તો એ જ દિવસ એ પરિવાર માટે અશુભ બની જાય છે. જે દિવસે ખૂબ જ વરસાદ પડે છે એ દિવસ એક ખેડૂત માટે શુભ દિવસ છે, પરંતુ જે કુંભારનાં કાચા વાસણો બહાર પડ્યાં હોય છે તેના માટે એ દિવસ અશુભ બની જાય છે. આર્યસમાજની માન્યતા છે કે, જીવનનું પ્રત્યેક પ્રભાત આપણી સમક્ષ એક શુભ અને નૂતન સંદેશ લઈને ઉપસ્થિત થાય છે. પહેલેથી જ તેને અશુભ ઘોષિત નહિ કરી, પ્રત્યેક રચના અને વ્યવસ્થાનું હૃદયથી સ્વાગત કરવું એ જ આપણી આસ્તિકતાનું પ્રમાણ છે, અને તેમાં જ આપણું કલ્યાણ રહેલું છે.

આપણા મહાન દેશનાં પતન, પરાજય અને દાસતાના મૂળમાં આ શુભ-અશુભની ઘોર અનર્થકારી માન્યતાનો પણ ખૂબ જ મોટો હાથ રહ્યો છે. વિજ્ઞાન અને બુદ્ધિવાદના યુગનો તકાજો છે કે હવે આપણે આવી અંધ માન્યતાઓમાંથી મુક્ત થઈએ.

### શ્રાદ્ધ-તર્પણ

શ્રાદ્ધનો અર્થ છે : શ્રદ્ધાપૂર્વક આપણા પિતરોની સેવા કરવી, જ્યારે આપણા વ્યવહારથી પિતરોને તૃપ્ત કરવાનું નામ તર્પણ છે. આપણાં માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની, સાસુ-સસરા વગેરે કુટુંબીજનો, વિદ્વાના અને વિદ્યાદાન કરનારા ઋષિતુલ્ય આચાર્યાની સંજ્ઞા 'પિતર' છે. આવા જીવિત પિતરોને સુખ પહોંચાડવાના ઉદ્દેશ્યથી આપણા નિત્ય કરવામાં આવતા પંચમહાયજ્ઞોમાં એક 'પિતૃયજ્ઞ' પણ છે. આમ, પિતરોનાં નિત્ય શ્રાદ્ધ અને તર્પણ થવાં જોઈએ. પરંતુ એ ફક્ત જીવિત મહાનુભાવો માટે જ થઈ શકે છે, મૃતકોનું શ્રાદ્ધ-તર્પણ કરવાની પરિપાટી આર્યસમાજની દૃષ્ટિએ નિરર્થક છે.

વધુમાં, અમાસ સાથે પિતરોનો જે સંબંધ છે તેની પાછળ એ કારણ જવાબદાર જણાય છે કે, જે પિતરોનું શ્રાદ્ધ-તર્પણ દરરોજ સંભવ ન હતું તેમના માટે મહિનાનો એક દિવસ નિશ્ચિત કરી દેવામાં આવ્યો હતો કે અમાસના દિવસે તેમનું શ્રાદ્ધ-તર્પણ અચૂક કરવું. **(ક્રમશ:)**

# प्रातर्जितं भगमुग्रं हुवेम वयं पुत्रमदितेर्यो विधर्त्ता। आध्रश्चिद्यं मन्यमानस्तुरश्चिद्राजा चिद्यं भगं भक्षीत्याह।।

**(यजु.अ.३४/मं.३५)**

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

(१७) संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
उपाध्याय, दर्शन योग महाविद्यालय, रोजड

**पदार्थ :-**

हे मनुष्यों ! (**प्रातः**) पाँच घड़ी रात्रि रहे (**जितम्**) जयशील परमात्मा को अथवा (**प्रातर्जितम्**) प्रातःकाल ही उत्तमता से प्राप्त होने के योग्य को (**भगम्**) ऐश्वर्य के दाता ईश्वर को (**अदितेः**) अन्तरिक्ष के (**उग्रं पुत्रम्**) तेजस्वी पुत्ररूप सूर्य की उत्पत्ति करने हारे को और (**यः**) जो कि सूर्यादि लोकों का (**विधर्त्ता**) विशेष करके धारण करने हारा (**आध्रः**) सब ओर से धारण कर्त्ता अथवा जो सबके द्वारा सब ओर से धारण किया जाता है अथवा अपुत्र का पुत्र या असहाय का रक्षक या न्यायादि में तृप्ति न करने वाले का पुत्र (**यं चित्**) जिस किसी को भी (**मन्यमानः**) जानने हारा परमेश्वर है (**तुरश्चित्**) दुष्टों को भी दण्ड दाता या शीघ्रकारी भी और (**राजा**) सब का प्रकाशक है, (**यम्**) जिस (**भगम्**) भजनीयस्वरूप को (**चित्**) भी (**भक्षीति**) इस प्रकार सेवन करता हूँ, और इसी प्रकार भगवान् परमेश्वर सब को (**आह**) उपदेश करता है कि तुम जो मैं सूर्यादि जगत् का बनाने और धारण करने हारा हूँ, उस मेरी उपासना किया और मेरी आज्ञा में चला करो, इससे (**वयम्**) हम लोग उस की (**हुवेम**) स्तुति करते हैं।

(स.वि. + ऋषि दया. कृत वेदभाष्य)

**भावार्थ (१) :-**

हे मनुष्यों ! तुम लोगों को सदा प्रातःकाल से लेकर सोते समय तक यथाशक्ति सामर्थ्य से विद्या और पुरुषार्थ से ऐश्वर्य की उन्नति कर आनन्द भोगना और दरिद्रों के लिये सुख देना चाहिये यह ईश्वर ने कहा है।

(दया. कृत यजु.भाष्य अ.३४/मं.३५)

**भावार्थ (२) :-**

मनुष्यों को चाहिये कि प्रातःसमय उठकर सब के आधार परमेश्वर का ध्यान करके सब करने योग्य कामों को नाना प्रकार से चिन्तन कर धर्म और पुरुषार्थ से पाये हुए ऐश्वर्य को भोगें व भोगावें यह ईश्वर उपदेश देता है।

(ऋ.दया.कृत. ऋग्वेदभाष्य मं.७/सू.४१/मं.२)

**टिप्पणी :-**

(क) ईश्वर जयशील है जीतने के स्वभाव वाला है कभी हारता नहीं है। मनुष्य अल्पज्ञ अल्पसामर्थ्य वाला होने से काम, क्रोध, लोभ, मोहादि आन्तरिक शत्रुओं से परास्त होकर कामी, क्रोधी, लोभी हो जाता है परन्तु ईश्वर सर्वदा विद्यायुक्त रहने के कारण कभी काम, क्रोध, लोभादि के वश में नहीं होता। मनुष्य के बाह्य शत्रु वे मनुष्य हैं जो उससे द्वेष करते हैं, उसके अच्छे कार्यों का विरोध करते हैं, उनमें बाधा डालते हैं। कुछ मनुष्य इन बाह्य शत्रुओं से परस्त होकर अच्छे कार्यों को करना छोड़ देते हैं व जैसा उसके शत्रु कहते मानते हैं उसका समर्थन करना प्रारम्भ कर देते हैं। ईश्वर के शत्रु हैं जो उसकी आज्ञा का पालन नहीं करते, जो उसके सर्वहितकारक कार्यों में बाधा डालते हैं अर्थात् पापी, दुष्टजन। जब संसार में पापी, हिंसक, दुष्टों को धनादि ऐश्वर्य, मान प्रतिष्ठादि प्राप्त होती है तो लगता है कि वे जीत रहे हैं, ईश्वर का उनके ऊपर कोई वश नहीं चल रहा। परन्तु वस्तुतः सुख-दुःख का सम्बन्ध आत्मा में होता है। उनके आत्मा में अविद्या, अविवेक होने के कारण बाह्य साधनों से सुसज्जित होने पर भी वे दुःखी, अशान्त, चचंल, तनावयुक्त, भयभीत, असहनशील रहते हैं, उनकी आत्मा में आनन्द नहीं होता। मनुस्मृति में कहा है- अधर्मेणैधते तावत्ततो भद्राणि पश्यति। ततः सपत्नाञ्जयति समूलस्तु विनश्यति।। (मनु.) - इसका अर्थ सत्यार्थ प्रकाश में ऐसे दिया है कि - जब अधर्मात्मा मनुष्य धर्म की मर्यादा छोड़ (जैसे तालाब के बंध को तोड़ जल चारों ओर फैल जाता है वैसे) मिथ्याभाषण, कपट, पाखण्ड अर्थात् रक्षा करने वाले वेदों का खण्डन और विश्वासघातादि कर्मों से पराये पदार्थों को लेकर प्रथम बढ़ता है। पश्चात् धनादि ऐश्वर्य से खान-पान, वस्त्र, आभूषण, यान, स्थान, मान, प्रतिष्ठा को प्राप्त होता है। अन्याय से शत्रुओं को भी जीतता है, पश्चात् शीघ्र नष्ट हो जाता है। जैसे जड़ काटा हुआ वृक्ष नष्ट हो जाता है वैसे अधर्मी नष्ट-भ्रष्ट हो जाता है। इस रूप में भी ईश्वर अधर्मी को हराता है। अतः पापी व्यक्ति सदा आनन्द से रहित रहता है व बाह्य साधन भी उसके कालान्तर में छिन लिये जाते हैं। यह उसकी हार है।

(ख) सूर्य को अन्तरिक्ष का पुत्र कहते हैं क्योंकि जैसे पुत्र माता के शरीर में उत्पन्न होता है उसी प्रकार सूर्य अन्तरिक्ष में उत्पन्न होता है।

(ग) ईश्वर 'आध्रः' है क्योंकि (१) ईश्वर अनाथ का नाथ है, असहाय का रक्षक है। ईश्वर वेदादि शास्त्रों के माध्यम से व आनन्द, उत्साहादि के द्वारा मनुष्यों को प्रेरणा देता है कि अनाथों, वृद्धों, रोगियों की सेवा में अपना, तन, मन, धन लगाओ। (२) संसार में जिसको न्याय नहीं मिलता जिसकी क्षतिपूर्ति नहीं होती ईश्वर के दरबार में उसे पूरा न्याय मिलता है। ईश्वर उसकी क्षति की पूर्ति कर देता है। अथवा संसार में मनुष्य को जिन अच्छे कर्मों का फल राजादि अधिकारी व्यक्ति प्रदान नहीं करता ईश्वर उसको उन अच्छे कर्मों का फल अवश्य देता है। (३) सब प्राणियों के द्वारा सब ओर से धारण किया जाता है कोई भी प्राणी ईश्वर के नियमों, व्यवस्थाओं की सहायता के बिना जीवित नहीं रह सकता।

(घ) ईश्वर की मनुष्यों को आज्ञा है कि हे मनुष्यों ! मैंने सूर्यादि जगत् को उत्पन्न किया है व धारण किया है, इसलिये तुम मेरी ही उपासना किया करो तथा मेरी आज्ञा का पालन किया करो।

# જેવો બહાર વ્યવહાર હોય તેવો મનમાં પણ હોવો જોઈએ

**વ્યવહાર**

૨૪. જે મનુષ્ય વારંવાર નિર્દેશ કરવા-સમજાવવા છતાં પણ તેમ નથી માનતો કે કરતો તેને ઋષિએ શુદ્ર કહ્યો છે. નિર્દેશક એવા મનુષ્યની ઉપેક્ષા કરવા લાગે છે. ત્યાં જો સાંભળનારો એમ ન વિચારે કે વારંવાર દર્શાવ્યા છતાં પણ જો હું તેમ નહીં કરૂં તો બતાવનારો મને બતાવવાનું છોડી દેશે, ત્યારે તે મનુષ્ય જાણતો નથી કે નિર્માણ કાર્ય કેવી રીતે થાય છે. જે મનુષ્ય શ્રદ્ધા, લગનથી સાંભળે, માને અને કરે છે તે જ નિર્માણ કાર્ય કરી શકે છે અને બતાવનાર પણ તેટલી જ લગનથી બતાવે છે, શીખવે છે.

૨૫. પોતાના આચાર્યના પણ ગુણોને જ ગ્રહણ કરવા જોઈએ અને દોષોને છોડી દેવા જોઈએ, કારણ કે આચાર્ય પણ જીવાત્મા હોવાથી અલ્પજ્ઞ છે અને ઈશ્વર સિવાય કોઈ પણ સર્વગુણ સમ્પન્ન નથી થઈ શકતું. તેથી આચાર્યમાં પણ દોષ તો હશે જ, પરંતુ એ દોષોને જાણી તેને છોડી દેવામાં જ બુદ્ધિમત્તા છે.

## સત્યોપદેશ

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૧



૨૬. ગુરુજનોના જે દોષ જોવામાં આવે છે તેના વિષયમાં તેમને યા તો શંકાના રુપમાં પૂછો કે શું મને આ દોષ લાગે છે તે ખરો હશે ? જો દોષ હશે તો દૂર કરવામાં આવશે અથવા દોષ નહિં હોય તો સમજાવી દેશે. મનમાં ક્ષોભ રાખવો ન જોઈએ કારણ કે તેનાથી મનમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થશે. દોષ બતાવવાનો અર્થ એ નથી કે જરાક ભૂલ થઈ કે તરત બતાવી દેવુ, આ ઠીક નથી. અમુક સીમા સુધી સહન પણ કરવાનું છે. પરંતુ જ્યાં સામાજીક હાની લાગે ત્યાં કોમળ ભાષામાં નિર્દેશ કરવો જોઈએ. કહેતી વખતે ભાષા મધુર, શબ્દો કોમળ, બીજાને લાગે કે આ મારો હિતેશરી છે. શબ્દોમાં જેટલો સમય લગાવવો જોઈએ તેટલો લગાવવો, ધીરે-ધીરે સ્પષ્ટ બોલવું- આ શ્રેષ્ઠ ભાષા વ્યવહાર છે, આનાથી યમ-નિયમોનું પાલન થાય છે.

૨૭. જેવો બહાર વ્યવહાર હોય તેવો મનમાં પણ હોવો જોઈએ. ઉપરથી સત્ય બોલો પરંતુ મનમાં દોષ દેખાડવાની, અપમાનિત કરવાની, નીચા દેખાડવાની અથવા ધમકાવવાની ભાવના હોય તો યમ-નિયમોનું પાલન રહેશે નહિ.

૨૮. એક વ્યક્તિ ગુરુજી, વેદ,ઋષિ આદિ જે કહે છે તેવું માની લે છે અને બીજી વ્યક્તિ કેવળ પોતાની બુદ્ધિ અનુસાર ચાલે છે - આ બંનેમાં પ્રથમ વ્યક્તિ જ સત્યને જાણી શકે છે **(ક્રમશ:)**

